

## કોલવડામાંથી પાંચ શકુની ઝડપાયા

ગાંધીનગર નજીક આવેલા કોલવડા ગામે ચુમંડાપુરા ઓ.એન.જી.સી.વેલની પાછળ ખુલ્લામાં પાના પત્તાનો રૂપીયાથી હારજીતનો જુગાર રમતા હોવાની બાતમીને આધારે પોલીસે રેઈડ પાડી પેથાપુર પોલીસે પાંચ ઈસમોને રૂ. ૨૦૬૩૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે. પોલીસ પાસેથી મળતી વિગત મુજબ પેથાપુર પોલીસ મથકના પીએસઆઈ એ.જી.એનુરાકાર તેમજ તેમની ટીમના કર્મચારીઓ પેથાપુર પોલીસ મથકની હદમાં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન સાથે રહેલા પ્રદિપસિંહ દિલાવરસિંહ ને બાતમી મળી હતી કે કોલવડા ગામમાં આવેલા ચામુડાપુરા ઓએનજીસી વેલની પાછળ ખુલ્લામાં જુગાર રમાઈ રહ્યો છે. જેને પગલે પોલીસે બાતમીવાળી જગ્યાએ રેઈડ કરતા અર્જુન બળદેવ ઠાકોર, રણજીત લક્ષ્મણ ઠાકોર, ચેતન બાબુ ઠાકોર, બહાદુર ઉર્ફે રમેશ જવાનજી વાઘેલા અને ચેહરાજી ભીખાજી ઠાકોર તમામ રહે. કોલવડા તા.જી.ગાંધીનગર અંગજડતીમાંથી રોકડ રૂ. ૧૬,૯૧૦ તેમજ દાવ ઉપરથી મળી આવેલ રોકડ રૂ.૨૭૨૦ અને બે મોબાઈલ કિ. રૂ. ૧૦૦૦ સહિત કુલ રૂ. ૨૦,૬૩૦ નો મુદ્દામાલ સાથે પાંચ ઈસમોને તેમજ રેઈડ દરમિયાન ભાગી ગયેલા રાકેશ કનુભાઈ નાથબાવા રહે.કોલવડા વિરુધ્ધ પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગાંધીનગરથી દ્વારકા અને દિવ આજથી એસી સ્લીપીંગ બસ શરૂ

## રાત્રિના ૮ થી ૮ : ૩૦ વચ્ચે આ બસો દોડશે : ભૂજ માટે પણ એ.સી. સ્લીપીંગ કોચ દોડશે

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરથી દ્વારકા, દિવ અને ભુજ માટે રાત્રિના સમયે હવે એ સી સ્લીપીંગ કોચ બસ દોડશે. આજે રાત્રિથી આ બસ સેવા શરૂ કરી દેવાશે. સૌરાષ્ટ્ર વિસ્તારના રહીશો તેમજ મુલાકાતીઓની માંગણીને ધ્યાને લઈ રાત્રિના સમયે હવે આ બસ સેવા શરૂ કરવામાં આવી છે. જેના લીધે ગાંધીનગરથી જ સીધી હવે આ સ્લીપીંગ બસ સેવા ઉપલબ્ધ થશે.

ગાંધીનગરમાં સ્થિત અનેકવિધ સરકારી કચેરીઓના લીધે અવારનવાર નવા રૂટોની બસો શરૂ કરવા માટે સુર ઉઠવા પામે છે. જયારે ગાંધીનગર અમદાવાદ શહેરી બસ સેવા ઉપરાંત રાજયના અન્ય વિસ્તારોને જોડતી બસ સેવા પણ ગાંધીનગર ડેપોથી મળી રહે તે માટે તબક્કાવાર નવી બસો શરૂ કરવામાં આવી રહી છે. એસ ટી ડેપો દ્વારા આ અન્વયે સૌરાષ્ટ્ર વિસ્તાર સહીતના પ્રવાસીઓની માંગણીને ધ્યાને લઈ ગાંધીનગરથી દ્વારકા, દિવ તેમજ ભુજની સીધી બસ સેવા શુક્રવારથી શરૂ કરવામાં આવશે. એસ ટી ડેપોના મેનેજરના જણાંવ્યા મુજબ ગાંધીનગર થી રાત્રિના ૮ કલાકે દ્વારકા, દિવ અને ભુજ જવા માટેની બસ સેવા શરૂ કરાશે.ગાંધીનગરથી જ મુસાફરોને આ સ્લીપીંગ અને એ સી બસ સેવાનો લાભ મળશે. બહારગામના રૂટની આ બસ સેવાને અનુલક્ષીને તદન નવી બસો આ નવા રૂટમાં દોડશે.મુસાફરોની લાંબા સમયની માંગણીને ધ્યાને લઈ આ બસ સેવા શરૂ કરવામાં આવી છે જેથી આગામી વેકેશન દરમિયાન પણ મુસાફરો તેમજ પ્રવાસીઓ તેનો યોગ્ય લાભ લઈ શકશે.

# ગરીમા પાર્ક પાસેથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૨૮

ઈન્ફોસીટી પાસે આવેલા ગરીમા પાર્ક (ટીસીએસ) માં ફરજ બજાવતો યુવક તા.૨૫ ફેબુઆરીના રોજ બાઈક માર્ગની બાજુમાં મુકીને સવારે ૧૧ કલાકના અરસામાં ગરીમા પાર્કમાં ફરજ પર ગયો હતો અને જયારે સાંજના સુમારે ફરજ પરથી પરત આવીને જોયું તો પોતાનું બાઈક ચોરી થઈ ગયું હતું. યુવકે આસપાસમાં તપાસ કરવા છતા બાઈક ન મળતા પોલીસ મથકે બાઈક ચોરીની ફરીયાદ આપતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ મુળ જુનાગઢનો વતની અને હાલ ગાંધીનગર કુડાસણ માં રહેતો રાહુલ કિશોરભાઈ નથવાણી નામનો યુવક ગરીમા પાર્કમાં આસિસ્ટન્ટ સિસ્ટમ એન્જિનિયર તરીકે ફરજ બજાવે છે. રાહુલે યામાહા કંપનીનું જીજેજીરોવનઈડબલ્યું- ૪૪૩૩ નંબરનું બાઈક તા. ૨૫ ફેબુઆરીએ પાર્ક કર્યું હતું. સવારે ૧૧ કલાકે મુકીને સાંજે સાડા સાત વાગ્યાના અરસામાં પરત આવતા નજર પડી તો બાઈક ગાયબ હતું. રાહુલે સીસીટીવી ચેક કરવાની વાત કરી હતી પરંતુ સિક્યુરીટીએ ગેટનો આસપાસનો વિસ્તાર કવર થતો નથી.જેથી બાઈક કોણ લઈ ગયું તે જાણી શકાયું નથી. રાહુલે બે દિવસ બાઈકની શોધખોળ કરી હતી ત્યારબાદ પોતાના બાઈક ની ચોરી અંગે સેકટર-૭ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ આદરી છે.

# ગાંધીનગરમાં અનૂસુચિત જાતિઓના ૪૫૦૦ લાભાર્થીઓને ૬૯ કરોડના સાધન-લાભનું ડી.બી.ટી વિતરણ

ગાંધીનગર, તા. ૨૮

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ છેવાડાના અને અંત્યોદય વર્ગોના વિકાસની દિશામાં સામાજીક સમરસતા સાથે સરકાર કાર્યરત હોવાનો સ્પષ્ટ મત વ્યકત કર્યો છે.

રાજ્ય સરકારે હંમેશા ‘સબ સમાજ કો લિયે સાથ મેં આગે હૈ બઢતે જાના’નો મંત્ર અપનાવી ગરીબ તવંગર, ઊંચ-નીચ એવા કોઈ જ ભેદભાવ વિના સૌને સાથે લઈને બધા જ વર્ગોના આર્થિક, સામાજીક ઉત્કર્ષની નેમ રાખી છે. મુખ્યમંત્રી ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે અનૂસુચિત જાતિના લાભાર્થીઓને યોજનાકીય લાભોના વિતરણ સમારોહમાં સંબોધન કરી રહ્યા હતા.

વિજયભાઈ રૂપાણીએ ગુજરાત અનૂસુચિત જાતિ વિકાસ કોર્પોરેશન, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ અને ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમના ઉપક્રમે ૪૫૦૦ લાભાર્થીઓને સમગ્રતયા રૂ. ૬૯ કરોડની સહાય-લાભનું વિતરણ ઓનલાઈન પધ્ધતિએ ડાયરેકટ ટ્રાન્સફર ટુ બેનીફિશીયરી એકાઉન્ટમાં કર્યુ હતું.

આ લોન-સહાય આપીને સરકાર કોઈ ઉપકાર નથી કરતી માત્ર આધાર આપીને વંચિત વર્ગોના આ યુવાનોના સર્વાંગી વિકાસ માટે આર્થિક ઉત્કર્ષ હેતુ સીધું ધિરાણ આપી તેમને પ્રગતિનો રાહ બતાવે છે-ટેકો આપે છે.



સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી ઈશ્વરભાઈ પરમારે કહ્યું કે, ડૉ. આંબેડકરે કહ્યું હતું કે દુઃખ અને વ્યથાને સમજીને જરૂયાતમંદની સર્જન શકિતમાં વધારો કરીને સહાયરૂપ બનવાનું સપનું હતું એને રાજયની સંવેદનશીલ સરકાર આજે પુરૂ કરી રહી છે. તેમણે ઉમેર્યુ કે, ભૂતકાળમાં ન ફાળવ્યું હોય એટલું માતબર બજેટ આ વર્ષે વિજયભાઈ રૂપાણીની સરકારે ફાળવ્યું છે.

સામાજિક ન્યાય અધિકારીતા વિભાગના અગ્રસચિવ મનોજ અગ્રવાલે કહ્યું કે, અનુ.જાતિના લોકોને આર્થિક રીતે પગભર કરવા માટે ત્રણેય નિગમ દ્વારા વિવિધ યોજનાઓ અમલી છે ત્યારે રાજ્ય સરકારે સૌ પ્રથમ વખત બજેટમાં નિગમને રૂ.૧૫૦ કરોડની જંગી રકમ ફાળવી છે. કેન્દ્ર સરકાર દ્વારા નિગમોને જે સહાય અપાય છે એમાં પણ બેન્ક ગેરંટી રાજય સરકાર આપશે. જેથી કરીને વધુ ને વધુ લાભો-ધિરાણ લાભાર્થીઓને મળતા થશે તેમ તેમણે ઉમેર્યુ હતું.

આ પ્રસંગે ધારાસભ્ય કરસનભાઈ સોલંકી, હિતુભાઈ કનોડિયા, ત્રણેય નિગમના પદાધિકારીઓ, સામાજિક ન્યાય અધિકારીતા વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગરમાં આંતરરાષ્ટ્રીય કક્ષાના ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર-ફાયરબ્રિગેડ સ્ટેશન માટે ૧૮ કરોડ ફાળવાયા

ગાંધીનગર, તા. ૨૮

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજયની ૧૮ નગરપાલિકાઓ અને રાજકોટ સૂરત, વડોદરા, ભાવનગર તેમજ જૂનાગઢ અને ગાંધીનગર મહાનગરપાલિકાઓને પાણી પુરવઠા ભૂગર્ભ ગટર યોજના, રેલ્વે ઓવરબ્રિજ, અન્ડરબ્રિજ, ટ્રાફિક સિગ્નલ, નગરબ્યુટિફિકેશન, રોડ અને સ્ટ્રીટલાઈટના માળખાકીય વિકાસ કામો માટે રૂ. ૫૯૬.૩૪ કરોડની ગ્રાન્ટ ફાળવવાની મંજૂરી આપી છે.

આ અંતર્ગત પાણી પુરવઠાના કામો માટે રૂ. ૧૫૩.૧૧ કરોડ, રેલ્વે ઓવરબ્રિજ - અંડરબ્રિજ કામો માટે રૂ. ૬૨.૨૩ કરોડ, ભૂગર્ભ ગટર યોજના માટે રૂ. ૩૪૪.૩૬ કરોડ, આગવી ઓળખના કામો અને બ્યુટિફિકેશન કામો માટે રૂ. ૮.૫૬ કરોડ, રોડ રસ્તા અને સ્ટ્રીટલાઈટ કામો માટે રૂ. ૮.૫૮ કરોડ, તેમજ ટ્રાફિક સિગ્નલ અને ઈન્ટીગ્રેટેડ કમાન્ડ કન્ટ્રોલ સેન્ટર માટે રૂ. ૧૯.૫૦ કરોડ ફાળવવામાં આવશે.

મુખ્યમંત્રીએ જુનાગઢ મહાનગરપાલિકામાં ટ્રાફિક સીગ્નલના કામો માટે રૂ. ૧.૫૦ કરોડ તેમજ ગાંધીનગર મહાનગરપાલિકામાં આંતરરાષ્ટ્રીય કક્ષાના ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર અને ફાયરબ્રિગેડના નવિનીકરણ માટે રૂ. ૧૮ કરોડ મંજૂર કર્યા છે.

રાજ્યની નગરપાલિકાઓને સંબંધિત નગરની આગવી ઓળખના કામો માટે જે રકમ મંજૂર કરવામાં આવી છે તેમાં, બાયડ નગરપાલિકાને ટાઉનહોલ બનાવવા રૂ. ૧.૯૮ કરોડ, દામનગર નગરપાલિકાને તળાવ બ્યૂટીફિકેશન માટે રૂ. ૧.૯૮ કરોડ, પાદરાને તળાવ બ્યૂટીફિકેશન માટે રૂ. ૩.૧૦ કરોડ અને માણસા નગરપાલિકાને આ જ કામ માટે રૂ. ૧.૫૦ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે.

